# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 17-09-2025 Day: Wednesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી : 'સ્વસ્થ નારી સશક્ત પરિવાર અભિયાન'

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે મધ્યપ્રદેશના ધાર જિલ્લામાંથી રાષ્ટ્રવ્યાપી "સ્વસ્થ નારી, સશક્ત પરિવાર અભિયાન" અને આઠ-મા રાષ્ટ્રીય પોષણ મહા-અભિયાનનો આરંભ કરાવ્યો. આ પ્રસંગે સંબોધન કરતાં શ્રી મોદીએ કહ્યું, આ અભિયાન માતાઓ અને બહેનોને સમર્પિત છે. એક પણ મહિલા માહિતી કે સંશાધનોના અભાવમાં બીમારીનો શિકાર ન થાય તે સરકારનો ઉદ્દેશ્ય હોવાનું તેમણે ઉંમેર્યું હતું.**

કચ્છમાં ભુજ તાલુકાના ઢોરી ખાતે જીલ્લા કક્ષાનો "સ્વસ્થ નારી, સશક્ત પરિવાર અભિયાન" નો વર્ચ્યુઅલ શુભારંભ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સાંસદ વિનોદ ચાવડા સહિતના પદાધિકારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કચ્છમાં આ અભિયાન અંતર્ગત આજે પ્રથમ દિવસે વિવિધ સીએચસી તથા પીએચસી ખાતે યોજાયેલા ૫૩૯ મેડિકલ કેમ્પમાં ૧૩ હજારથી વધુ લાભાર્થીઓએ આરોગ્યલક્ષી વિવિધ સેવાનો લાભ લીધો હતો. જેમાં મહિલાઓ માટે આરોગ્ય ચકાસણી અને આરોગ્ય સેવાઓ, ENT, આંખ, બ્લડ પ્રેશર, બ્લડ શુગર, ડેન્ટલ ચેક-અપ, કેન્સરની ચકાસણી,રસીકરણ સેવાઓ,ગર્ભવતી મહિલાઓની પૂર્વ પ્રસૂતિ તપાસ, એનિમિયા સ્તર ચકાસણી, ટેલિમેડિસિન સુવિધાઓ, ટીબી ચકાસણી, સિકલ સેલ એનિમિયા ચકાસણી કરવામાં આવી હતી.

ભુજ, માંડવી, નખત્રાણા, રતડીયા, ગાંધીધામ, દૂધઇ, ઢોરી, સાંયરા, ડુમરા, માધાપર, ભીમપર, ભચાઉ સહિતના શહેરો તથા ગામોમાં આરોગ્ય કેન્દ્ર ખાતે પદાધિકારીઓએ આરોગ્ય શિબિરોને ખુલ્લી મૂકી હતી. આ રીતે આ ૫૩૯ મેડિકલ કેમ્પમાં મહિલા, બાળકો, તરૂણીઓ સહિતના ૧૩,૨૧૦ લાભાર્થીઓની આરોગ્ય ચકાસણી કરવામાં આવી હતી.

---

## પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે વિવિધ કાર્યક્રમો

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ૭૫ માં જન્મદિવસ નિમિત્તે આજે રાજ્યભરમાં વિવિધ જગ્યાએ સ્વચ્છતા અભિયાન, આરોગ્ય કેમ્પ સહિતના કાર્યક્રમો યોજાયા હતા.

પ્રધાનમંત્રીના જન્મદિવસ પ્રસંગે કચ્છમાં પણ આજે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

કચ્છ લોકસભા પરિવાર દ્વારા જીલ્લા મથક ભુજમાં આંબેડકર ભવન ખાતે પ્રધાનમંત્રી લાભાર્થી કલ્યાણ મેળા અંતર્ગત દિવ્યાંગ વ્યક્તિઓને સાધન સહાય તેમજ સરકારની જુદી જુદી યોજનાઓના લાભો અંગે સહાયના ચેક વિતરણ કરવામાં આવ્યા હતા. ભુજમાં સ્મૃતિવન ખાતે એક કચ્છ-એક શપથ-એક ભારત અભિયાન અંતર્ગત વિશ્વની સૌથી મોટી લાઈવ ઓનલાઈન અને ઓફલાઈન શપથવિધિ યોજાઈ હતી. આ પહેલા સ્મૃતિવન ખાતે સવારે યોગ શિબિરનું આયોજન કરાયું હતું. એક પેડ માં કે નામ અભિયાન અંતર્ગત નખત્રાણા તાલુકાના સુખપર રોહાના છપરી તળેટી ખાતે નમોવન નું લોકાર્પણ કરવામાં આવ્યું. આ ઉપરાંત, કિશોરીઓને એક લાખ સેનેટરી પેડ વિતરણના સંકલ્પ સાથે ભુજની ઈન્દ્રાબાઈ ગર્લ્સ હાઈસ્કુલની વિદ્યાર્થિનીઓને સેનેટરી પેડનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

---

## ભુજ ખાતે 'બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન'

બાળકોમાં વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ વિકસાવવાના ઉદ્દેશ્યથી રિજનલ સાયન્સ સેન્ટર, ભુજ ખાતે "બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન" નું આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મ દિવસે યોજાયેલ આ કાર્યક્રમમાં સાંસદ વિનોદ ચાવડાએ કહ્યું કે, રિજનલ સાયન્સ સેન્ટરનું ઉદ્ઘાટન પણ પ્રધાનમંત્રીએ કર્યું હતું. આ પ્રસંગે શ્રી ચાવડાએ બળ વૈજ્ઞાનિકોને અભિનંદન સાથે વિજ્ઞાન ક્ષેત્રે કચ્છનું નામ રોશન કરવાની શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રદર્શનમાં કુલ ૯૫ શાળાઓના ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ

દ્વારા ટકાઉ ખેતી, ગ્રીન એનર્જી, કચરાનું વ્યવસ્થાપન , જળ સંરક્ષણ, નવીન ટેકનોલોજી, આરોગ્ય અને સ્વચ્છતા, વગેરે જેવી વિવિધ થીમ પર તૈયાર કરાયેલ ૧૦૬ વૈજ્ઞાનિક કૃતિઓનું પ્રદર્શન યોજાયું હતું, જેને ૨૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓ નિહાળ્યું હતું.

---

## સ્વચ્છોત્સવ

સ્વચ્છતા હી સેવા ૨૦૨૫ અંતર્ગત જિલ્લામાં સ્વચ્છોત્સવનો પ્રારંભ થયો છે. આજે શહેરો તથા ગ્રામ્યકક્ષાએ શ્રમદાન અને લોક ભાગીદારીથી શેરી અને માર્ગોની  સફાઇ, વૃક્ષારોપણ, સ્વચ્છતા શપથ અને સ્વચ્છતા રેલી સહિતના કાર્યક્રમો યોજાયા હતા.

૨જી ઓક્ટોબરે મહાત્મા ગાંધીજીની જન્મ જયંતિ નિમિતે સ્વચ્છ ભારત દિવસની ઉજવણીનાં ભાગરૂપે ભારત સરકાર દ્વારા સ્વચ્છ ભારત મિશન હેઠળ ૧૭ સપ્ટેમ્બર થી ૨ ઓક્ટોબર સુધી “સ્વચ્છતા હી સેવા-૨૦૨૫” પખવાડિયાની ઉજવણી કરાઈ રહી છે.

જે અંતર્ગત સફાઈ ઝુંબેશ ઉપરાંત,યોગ શિબિર, સ્વચ્છ વોર્ડ સ્પર્ધા, શાળા-કોલેજોમાં સ્વચ્છતા અંગે ક્વીઝ, રંગોળી, ચિત્ર, સૂત્રો, નિબંધો, કવિતા, વોલ પેન્ટિંગ, સફાઈ મિત્ર સુરક્ષા શિબિર, વૃક્ષારોપણ, શેરી નાટક, વેસ્ટ ટુ આર્ટ ફેસ્ટ વિગેરે જેવી પ્રવૃતિઓ હાથ ધરવામાં આવશે.

"સ્વચ્છોત્સવ" કાર્યક્રમ અંતર્ગત આજે જિલ્લા પંચાયત પ્રમુખ જનકસિંહ જાડેજા દ્વારા ભચાઉ તાલુકા પંચાયત કચેરી ખાતે **10** ગામોમાં ડોર ટુ ડોર કચરા કલેશન માટે ઈ-રિક્ષાને લીલી ઝંડી આપવામાં આવી હતી.

---

## કચ્છ યુનિવર્સિટી – યુવા મહોત્સવ

કચ્છ યુનિવર્સિટી ખાતે આજથી બે દિવસીય યુવા મહોત્સવ ‘કલાકૃતિ **2025**’ નો પ્રારંભ થયો છે. જેમાં કચ્છ યુનિવર્સિટી સંલગ્ન અનુસ્નાતક ભવનો અને કોલેજોની **45** ટીમોના **1100** સ્પર્ધકો ભાગ લઇ રહ્યા છે.

---

# કચ્છમાં ચોમાસાની વિદાય

ચાલુ વર્ષે 656 મીલીમીટર અને 135 ટકા વરસાદ સાથે કચ્છમાંથી ચોમાસાએ વિદાય લીધી છે. ભારતીય હવામાન ખાતાએ કચ્છમાંથી નૈઋત્ય ચોમાસાની વિદાય થઇ ગઇ હોવાની સત્તાવાર જાહેરાત કરી છે.

કચ્છમાં સત્તાવાર રીતે ચોમાસાની વિદાય રેખા 20થી 25 સપ્ટેમ્બર છે. સામાન્ય રીતે દેશમાં નૈઋત્ય ચોમાસુ સૌથી પહેલા કચ્છ અને રાજસ્થાનમાંથી વિદાય લેતુ હોય છે. જે પરંપરા આ વખતે પણ જોવા મળી છે.

17મી જૂનના કચ્છમાં ચોમાસાનું આગમન થયા બાદ 16મી સપ્ટેમ્બરના વિદાય થવાની સાથે આ વખતે જિલ્લામાં ચોમાસું 92 દિવસનું રહ્યુ છે. જેમાં સૌથી વધારે સપ્ટેમ્બરમાં 50 ટકા સાથે 244 મીમી વરસાદ વરસી ગયો છે. આ પહેલા જૂન અને જૂલાઇમાં 32-32 ટકા વરસાદ બાદ ઓગસ્ટમાં વરસાદ ખેંચાયો હતો. અને માત્ર 20.98 ટકા વરસાદ પડ્યો હતો. જેથી, ખેડૂતો મુંજવણમાં પણ મુકાયા હતાં. જોકે સપ્ટેમ્બરમાં ડીપ ડિપ્રેશનની અસર હેઠળ વિક્રમી વરસાદ નોંધાયો હતો.

---